ॐ

# પરમાગમ શ્રી નિયમસાર

(મૂળ ગાથાઓના મથાળા અને ગુજરાતી પદ્યાનુવાદ અર્થ સાથે)

## - ૧ -
## જીવ અધિકાર

હવે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવવિરચિત) ગાથાસૂત્રનું અવતરણ કરવામાં આવે છે :

અહીં 'જીનં નત્વા ' એ ગાથાથી શાસ્ત્રના આદિમાં અસાધારણ મંગળ કહ્યું છે.

નમીને અનંતોત્કૃષ્ટ દર્શનજ્ઞાનમય જિન વીરને<br>
કહું નિયમસાર હું કેવળીશ્રુતકેવળીપરિકથિતને. ૧.

**અન્વયાર્થ** :—અનંત અને ઉત્કૃષ્ટ જ્ઞાનદર્શન જેમનો સ્વભાવ છે એવા (—કેવળજ્ઞાની અને કેવળદર્શની) જિન વીરને નમીને કેવળી અને શ્રુતકેવળીઓએ કહેલું નિયમસાર હું કહીશ. ॥૧॥

આ, મોક્ષમાર્ગ અને તેના ફળના સ્વરૂપનિરૂપણની સૂચના (—તે બંનેના સ્વરૂપના નિરૂપણની પ્રસ્તાવના) છે.

છે માર્ગનું ને માર્ગફળનું કથન જિનવરશાસને;<br>
ત્યાં માર્ગ મોક્ષોપાય છે ને માર્ગફળ નિર્વાણ છે. ૨.

**અન્વયાર્થ** :—માર્ગ અને માર્ગફળ એમ બે પ્રકારનું જિનશાસનમાં કથન કરવામાં આવ્યું છે; માર્ગ મોક્ષોપાય છે અને તેનું ફળ નિર્વાણ છે. ॥૨॥

અહીં આ (ગાથામાં), ‘નિયમ’ શબ્દને ‘સાર’ શબ્દ કેમ લગાડ્યો છે તેના પ્રતિપાદન દ્વારા સ્વભાવરત્નત્રયનું સ્વરૂપ કહ્યું છે.

જે નિયમથી કર્તવ્ય એવાં રત્નત્રય તે નિયમ છે;
વિપરીતના પરિહાર અર્થે ‘સાર’ પદ યોજેલ છે. ૩.

**અન્વયાર્થ :**—નિયમ એટલે નિયમથી (નક્કી) જે કરવાયોગ્ય હોય તે અર્થાત્ જ્ઞાનદર્શનચારિત્ર. વિપરીતના પરિહાર અર્થે (–જ્ઞાનદર્શનચારિત્રથી વિરુદ્ધ ભાવોના ત્યાગ માટે) ખરેખર ‘સાર’ એવું વચન કહ્યું છે. ।।૩।।

રત્નત્રયના ભેદો પાડવા વિષે અને તેમનાં લક્ષણ વિષે આ કથન છે.

છે નિયમ મોક્ષોપાય, તેનું ફળ પરમ નિર્વાણ છે;
વળી આ ત્રણેનું ભેદપૂર્વક ભિન્ન નિરૂપણ હોય છે. ૪.

**અન્વયાર્થ :**—(રત્નત્રયરૂપ) નિયમ મોક્ષનો ઉપાય છે; તેનું ફળ પરમ નિર્વાણ છે. વળી (ભેદકથન દ્વારા અભેદ સમજાવવા અર્થે) આ ત્રણનું ભેદ પાડીને જુદું જુદું નિરૂપણ હોય છે. ।।૪।।

આ, વ્યવહારસમ્યક્ત્વના સ્વરૂપનું કથન છે.

રે! આપ્ત-આગમ-તત્ત્વની શ્રદ્ધાથી સમકિત હોય છે;
નિઃશેષદોષવિહીન જે ગુણસકળમય તે આપ્ત છે. ૫.

**અન્વયાર્થ :**—આપ્ત, આગમ અને તત્ત્વોની શ્રદ્ધાથી સમ્યક્ત્વ હોય છે; જેના અશેષ (સમસ્ત) દોષો દૂર થયા છે એવો જે સકળગુણમય પુરુષ તે આપ્ત છે. ।।૫।।

આ, અઢાર દોષના સ્વરૂપનું કથન છે.

ભય, રોષ, રાગ, ક્ષુધા, તૃષા, મદ, મોહ, ચિંતા, જન્મ ને
રતિ, રોગ, નિદ્રા, સ્વેદ, ખેદ, જરાદિ દોષ અઢાર છે. ૬.

**અન્વયાર્થ :—**ક્ષુધા, તૃષા, ભય, રોષ (ક્રોધ), રાગ, મોહ, ચિંતા, જરા, રોગ, મૃત્યુ, સ્વેદ (પરસેવો), ખેદ, મદ, રતિ, વિસ્મય, નિદ્રા, જન્મ અને ઉદ્વેગ (—આ અઢાર દોષ છે). ।।૬।।

આ, તીર્થંકર પરમદેવના સ્વરૂપનું કથન છે.

સૌ દોષ રહિત, અનંતજ્ઞાનદ્રગાદિ વૈભવયુક્ત જે,
પરમાત્મ તે કહેવાય, તદ્વિપરીત નહિ પરમાત્મ છે. ૭.

**અન્વયાર્થ :—**(એવા) નિઃશેષ દોષથી જે રહિત છે અને કેવળજ્ઞાનાદિ પરમ વૈભવથી જે સંયુક્ત છે, તે પરમાત્મા કહેવાય છે; તેનાથી વિપરીત તે પરમાત્મા નથી. ।।૭।।

આ, પરમાગમના સ્વરૂપનું કથન છે.

પરમાત્મવાણી શુદ્ધ ને પૂર્વાપરે નિર્દોષ જે,
તે વાણીને આગમ કહી; તેણે કહ્યા તત્ત્વાર્થને. ૮.

**અન્વયાર્થ :—**તેમના મુખમાંથી નીકળેલી વાણી કે જે પૂર્વાપર દોષ રહિત (–આગળપાછળ વિરોધ રહિત) અને શુદ્ધ છે, તેને આગમ કહેલ છે; અને તેણે તત્ત્વાર્થો કહ્યા છે. ।।૮।।

અહીં (આ ગાથામાં), છ દ્રવ્યોનાં પૃથક્ પૃથક્ નામ કહેવામાં આવ્યાં છે.

જીવદ્રવ્ય, પુદ્ગલ, કાળ તેમ જ આભ, ધર્મ, અધર્મ—એ
ભાખ્યા જિને તત્ત્વાર્થ, ગુણપર્યાય વિધવિધ યુક્ત જે. ૯.

**અન્વયાર્થ :—**જીવો, પુદ્ગલકાયો, ધર્મ, અધર્મ, કાળ, અને આકાશ—એ તત્ત્વાર્થો કહ્યા છે, કે જેઓ વિવિધ ગુણપર્યાયોથી સંયુક્ત છે. ।।૯।।

અહીં (આ ગાથામાં) ઉપયોગનું લક્ષણ કહ્યું છે.

ઉપયોગમય છે જીવ ને ઉપયોગ દર્શન-જ્ઞાન છે;
જ્ઞાનોપયોગ સ્વભાવ તેમ વિભાવરૂપ દ્વિવિધ છે. ૧૦.

**અન્વયાર્થ :—**જીવ ઉપયોગમય છે. ઉપયોગ જ્ઞાન અને દર્શન છે. જ્ઞાનોપયોગ બે પ્રકારનો છે : સ્વભાવજ્ઞાન અને વિભાવજ્ઞાન. ॥૧૦॥

અહીં (આ ગાથાઓમાં) જ્ઞાનના ભેદ કહ્યા છે.

અસહાય, ઇન્દ્રિવિહીન, કેવળ, તે સ્વભાવિક જ્ઞાન છે;
સુજ્ઞાન ને અજ્ઞાન—એમ વિભાવજ્ઞાન દ્વિવિધ છે. ૧૧.
મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય—ભેદ છે સુજ્ઞાનના;
કુમતિ, કુઅવધિ, કુશ્રુત—એ ત્રણ ભેદ છે અજ્ઞાનના. ૧૨.

**અન્વયાર્થ :—**જે (જ્ઞાન) કેવળ, ઇન્દ્રિયરહિત અને અસહાય છે, તે સ્વભાવજ્ઞાન છે; સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાનરૂપ ભેદ પાડવામાં આવતાં, વિભાવજ્ઞાન બે પ્રકારનું છે. ॥૧૧॥

સમ્યગ્જ્ઞાન ચાર ભેદવાળું છે : મતિ, શ્રુત, અવધિ તથા મનઃપર્યય; અને અજ્ઞાન (–મિથ્યાજ્ઞાન) મતિ આદિના ભેદથી ત્રણ ભેદવાળું છે.

આ, દર્શનોપયોગના સ્વરૂપનું કથન છે.

ઉપયોગ દર્શનનો સ્વભાવ-વિભાવરૂપ દ્વિવિધ છે;
અસહાય, ઇન્દ્રિવિહીન, કેવળ, તે સ્વભાવ કહેલ છે. ૧૩.

**અન્વયાર્થ :—**તેવી રીતે દર્શનોપયોગ સ્વભાવ અને વિભાવના ભેદથી બે પ્રકારનો છે. જે કેવળ, ઇન્દ્રિયરહિત અને અસહાય છે, તે સ્વભાવ-દર્શનોપયોગ કહ્યો છે. ॥૧૩॥

આ, અશુદ્ધ દર્શનની તથા શુદ્ધ ને અશુદ્ધ પર્યાયની સૂચના છે.

ચક્ષુ, અચક્ષુ, અવધિ—ત્રણ દર્શન વિભાવિક છે કહ્યાં;
નિરપેક્ષ, સ્વપરાપેક્ષ—એ બે ભેદ છે પર્યાયના. ૧૪.

**અન્વયાર્થ :—**ચક્ષુ, અચક્ષુ અને અવધિ એ ત્રણે વિભાવદર્શન કહેવામાં આવ્યાં છે. પર્યાય દ્વિવિધ છેઃ સ્વપરાપેક્ષ (સ્વ ને પરની અપેક્ષા યુક્ત) અને નિરપેક્ષ. ||૧૪||

આ, સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયોનું સંક્ષેપકથન છે.

તિર્યંચ-નારક-દેવ-નર પર્યાય વૈભાવિક કહ્યા;
પર્યાય કર્મોપાધિવર્જિત તે સ્વભાવિક ભાખિયા. ૧૫.

**અન્વયાર્થ :—**મનુષ્ય, નારક, તિર્યંચ ને દેવરૂપ પર્યાયો તે વિભાવપર્યાયો કહેવામાં આવ્યા છે; કર્મોપાધિ રહિત પર્યાયો તે સ્વભાવપર્યાયો કહેવામાં આવ્યા છે. ||૧૫||

આ, ચાર ગતિના સ્વરૂપનિરૂપણરૂપ કથન છે.

છે કર્મભૂમિજ ભોગભૂમિજ—ભેદ બે મનુજો તણા,
ને પૃથ્વીભેદે સપ્ત ભેદો જાણવા નારક તણા. ૧૬.

તિર્યંચના છે ચૌદ ભેદો, ચાર ભેદો દેવના;
આ સર્વનો વિસ્તાર છે નિર્દિષ્ટ લોકવિભાગમાં. ૧૭.

**અન્વયાર્થ :—**મનુષ્યોના બે ભેદ છે : કર્મભૂમિમાં જન્મેલા અને ભોગભૂમિમાં જન્મેલા; પૃથ્વીના ભેદથી નારકો સાત પ્રકારના જાણવા; તિર્યંચોના ચૌદ ભેદ કહ્યા છે; દેવસમૂહોના ચાર ભેદ છે. આમનો વિસ્તાર લોકવિભાગમાંથી જાણી લેવો. ||૧૬-૧૭||

આ, કર્તૃત્વ-ભોક્તૃત્વના પ્રકારનું કથન છે.

આત્મા કરે, વળી ભોગવે પુદ્‌ગલકરમ વ્યવહારથી;
ને કર્મજનિત વિભાવનો કર્તાદિ છે નિશ્ચય થકી. ૧૮.

**અન્વયાર્થ :—**આત્મા પુદ્‌ગલકર્મનો કર્તા-ભોક્તા વ્યવહારથી છે અને આત્મા કર્મજનિત ભાવનો કર્તા-ભોક્તા (અશુદ્ધ) નિશ્ચયથી છે. ।।૧૮।।

અહીં બન્ને નયોનું સફળપણું કહ્યું છે.

પૂર્વોક્ત પર્યાયોથી છે વ્યતિરિક્ત જીવ દ્રવ્યાર્થિકે;
ને ઉક્ત પર્યાયોથી છે સંયુક્ત પર્યાયાર્થિકે. ૧૯.

**અન્વયાર્થ :—**દ્રવ્યાર્થિક નયે જીવો પૂર્વકથિત પર્યાયથી વ્યતિરિક્ત છે; પર્યાયનયે જીવો તે પર્યાયથી સંયુક્ત છે. આ રીતે જીવો બન્ને નયોથી સંયુક્ત છે. ।।૧૯।।

આ રીતે, શ્રીમદ્‌ભગવત્‌કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમનો જીવ **અધિકાર** નામનો પહેલો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.